# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080




## સંક્ષિપ્ત સમાચાર

### પેથાપુરની મા.શાળાના પટાંગણમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાયું



દાહોદ: આપણા માટે ગર્વની વાત છે કે આપણે દેવતાઓ દ્વારા નિર્મિત હિન્દુ ભૂમિ પર જન્મ્યા છીએ અને આપણે વસુધૈવ કુટુમ્બકમ ભાવનાવાળી ત્યાગમય સંસ્કૃતિ છે.વર્તમાન સમયમાં જ્યારે હિન્દુ ધર્મ ઉપર ષડયંત્રકારી શક્તિઓ દ્વારા અનેક રીતે હુમલાઓ કરવામાં આવી રહ્યા છે, ત્યારે સમગ્ર વિશ્વ શાંતિ અને સુખની આશા સાથે ભારત તરફ જોઈ રહ્યુ છે. હિન્દુ સમાજને વધુ જાગૃત, સક્રિય, સક્ષમ, સામર્થ્યવાન, સંપન્ન, આત્મનિર્ભર અને સત્વપ્રધાન બનાવવા પેથાપુર મંડળ દ્વારા માધ્યમિક શાળા પેથાપુરના પટાંગણમાં રવિવારના રોજ વિરાટ હિન્દુ સંમેલન યોજાયું હતું.

### IT/TIeSના વિદ્યાર્થીઓએ CCTV સર્વેલન્સ કેન્દ્ર, છાપરીની મુલાકાત લીધી



દાહોદ: જે.(કે.).એમ તન્ના હાઈસ્કુલ,ગાંગરડીના વોકેશનલ ટ્રેડ અંતર્ગત ચાલતા IT/TIeS વિષયના ધો.૯ - ૧૦ ના વિદ્યાર્થીઓએ દાહોદ ખાતે સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત CCTV સર્વેલન્સ કેન્દ્ર, જિલ્લા સેવા સદન,છાપરી ની મુલાકાત લીધી હતી. જેમાં વિદ્યાર્થીઓએ દાહોદ શહેરને સ્માર્ટ સીટી બનાવવામાં કયા ક્ષેત્રમાં ટેકનોલોજીનો કેવો ઉપયોગ કરવામાં આવ્યો અને CCTV કેમેરાની મદદથી વિવિધ ફરિયાદોનું નિવારણ તેમજ ધન કચરાનું વ્યવસ્થાપન અને સ્વચ્છતા, ટ્રાફિક નિયમ પાલન, સિદ્ધરાજ જયસિહ છાબ તળાવ, આદિવાસી મ્યુઝીયમ, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વગેર પ્રોજેક્ટ ની માહિતી મેળવી હતી.

### પાદરા ખાતે પાટીદાર સેવા સમાજનો લગ્નોત્સવ ધામધૂમથી યોજાયો



પાદરા : સાંગમા ગામ નજીક પાદરા તાલુકા પાટીદાર સેવા સમાજ દ્વારા 18મો સમૂહ લગ્નોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે ૭ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતાં. આ કાર્યક્રમના સમારંભ અધ્યક્ષ તરીકે પાદરા અંબાજી મંદિર પરિવારના તેજસભાઈ જોશી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહાનુભવોમાં અનિલભાઈ મહીજીભાઈ પટેલ, પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, પૂર્વ ધારાસભ્ય દિનેશભાઈ પટેલ દિનુમામા ચેરમેન બરોડા ડેરી તથા દાનવીર શેઠ પરિવારના મુકેશભાઈ શ્રોફ મારુતિ સિરામિક્સના હિતેષભાઈ પટેલ, મનોજ પટેલ સરપંચ ડભાસા સહિત સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### રેણા ચોકડી પાસેથી રૂ.4.20 લાખના ગેરકાયદે લાકડા ભરેલી ટ્રક ઝડપાઇ

ગોધરા : શહેરા વન વિભાગ દ્વારા ગેરકાયદે લાકડાની હેરાફેરી સામે લાલ આંખ કરીને નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરીક્ષેત્ર વન અધિકારી આર.વી. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ શહેરા રેન્જ સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન રેણા ચોકડી પાસેથી ગેરકાયદે લાકડાં વહન કરતી ટ્રક ઝડપી પાડી છે.વન વિભાગના સ્ટાફ દ્વારા અણીયાદથી રેણા-મોરવા રોડ પર નિયમિત પેટ્રોલિંગ ચાલી રહ્યું હતું તે દરમિયાન રેણા ચોકડી પાસેથી પસાર થતી ટ્રક નંબર GJ-09 V-8343ને શંકાના આધારે અટકાવવામાં આવી હતી. ટ્રકની તપાસ કરતાં તેમાં કોઈ પણ પ્રકારની પાસ-પરમિટ વગર વહન કરવામાં આવતા લીલા તાજા પંચરાઉ લાકડાં મળી આવ્યા હતા.વન વિભાગ દ્વારા ટ્રકમાં ભરેલ લાકડાં અને ટ્રક સહિત અંદાજે રૂ. 4,20,000નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને વધુ તપાસ અર્થે શહેરા રેન્જ કચેરી ખાતે ખસેડવામાં આવ્યો છે.આ સફળ કાર્યવાહીમાં રાઉન્ડ ફોરેસ્ટર એસ.બી. માલીવાડ, આર.એસ. સોલંકી તથા વનરક્ષક વી.એમ. રાઠોડ સહિતનો સ્ટાફ જોડાયો હતો. વન વિભાગ દ્વારા ગેરકાયદે લાકડાની હેરાફેરી સામે આવનારા સમયમાં પણ કડક કાર્યવાહી ચાલુ રાખવાની ચેતવણી આપવામાં આવી છે.

### કાલોલમાં પરપ્રાંતીયોની નોંધણી ન કરાવનાર સામે કાર્યવાહી કરી

કાલોલ:એસઓજી પોલીસ સ્ટેશનનો સ્ટાફ કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મહત્વની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મધાસર ચોકડી પંચ હોટલ પાસે તથા અલીન્દ્રા પેટ્રોલ પંપ નજીકના વિસ્તારમાં પરપ્રાંતીય ઈસમોને મકાન ભાડે આપીને તથા નોકરી પર રાખીને સ્થાનિક પોલીસ મથકે સમયમર્યાદામાં નોંધણી ન કરાવનાર સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.મળેલ માહિતીના આધારે અલીન્દ્રા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ ભગવતી ટ્રેડર્સ નામના કાચના ગોડાઉનમાં તપાસ કરતા ત્યાં વિમલેશ કુશવાહા (મૂળ ઉત્તરપ્રદેશ) છેલ્લા ત્રણ માસથી કામદાર તરીકે કાર્યરત હોવાનું જાણવા મળ્યું હતું. ગોડાઉનના માલિક દરજી વિજયભાઈ ઈન્દ્રવદન (રહે. હાલોલ) દ્વારા ન તો સ્થાનિક પોલીસ મથકે નોંધણી કરાવવામાં આવી હતી કે ન કોઈ ઓળખ પુરાવો મેળવવામાં આવ્યો હતો.આ ઉપરાંત મધાસર ચોકડી વિસ્તારમાં પરપ્રાંતીય ઈસમોને પોતાના મકાન ભાડે આપી નોંધણી ન કરાવનાર ત્રણ મકાન માલિકો સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. જેમાંજયદીપસિંહ ફોગટભાઈ લાવારીયા (રહે. મધાસર ચોકડી), લક્ષ્મણસિંહ ઉર્ફે કોયો રંગીતસિંહ સોલંકી (રહે. મધવાસ) અને જશવંતભાઈ કનુભાઈ પટેલ (રહે. મધવાસ)નો સમાવેશ થાય છે.

**10,000 થી વધુ દોડવીરો સામેલ**

## દોડ્યું બોડેલી : ઐતિહાસિક મેરેથોન

### આંતરરાષ્ટ્રીય દોડવીરો પણ મેરેથોનમાં જોડાયા : વિજેતાઓને મોમેન્ટો તથા ઈનામ આપી સન્માનિત કરાયાં





(પ્રતિનિધિ) બોડેલી તા.8

છોટાઉદેપુર જિલ્લાની જન વિરાસત, પ્રાકૃતિક સુંદરતા, જોડતી છોટાઉદેપુર જિલ્લામાં પ્રથમ વખત ઐતિહાસિક "છોટાઉદેપુર મેરેથોન"; ૧૦,૦૦૦થી વધુ દોડવીરો જોડાયા છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના ઈતિહાસમાં પ્રથમ વખત બોડેલી ખાતે ભવ્ય "છોટાઉદેપુર મેરેથોન"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોનનો મુખ્ય હેતુ નાગરિકોમાં ફિટનેસ પ્રત્યે જાગૃતિ લાવવી, યુવાનોની સક્રિય ભાગીદારી વધારવી તથા સમાજમાં સમાનતાના મૂલ્યોને મજબૂત કરવાનો હતો. મેરેથોનને સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્યઓ અભેસિંહ તડવી તથા રાજેન્દ્રસિંહ રાઠવા, જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઑફ કરી પ્રસ્થાન કરાવ્યું હતું. મહાનુભાવોએ દોડમાં સહભાગી બની દોડવીરોનું ઉત્સાહવર્ધન પણ કર્યું હતું. આ પ્રસંગે સાંસદ જશુભાઈ રાઠવા, જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન તેમજ ધારાસભ્યઓ દ્વારા ઐતિહાસિક મેરેથોનમાં ભાગ લેનારા દોડવીરોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. બોડેલી ખાતે યોજાયેલ મેરેથોનમાં ૧૦,૦૦૦થી વધુ દોડવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. છોટાઉદેપુર જિલ્લાના વિવિધ વિસ્તારો ઉપરાંત રાજ્યના અન્ય ભાગો તેમજ મુંબઈ, પુણે, અમદાવાદ, દિલ્હી, જોધપુર સહિતના શહેરોમાંથી અને આંતરરાષ્ટ્રીય દોડવીરો પણ મેરેથોનમાં જોડાયા હતા. મેરેથોન અંતર્ગત વિવિધ કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા તમામ વિજેતા દોડવીરોને મહાનુભાવોના હસ્તે મોમેન્ટો તથા ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન, પ્રાયોજના વહીવટદાર કલ્પેશકુમાર શર્મા, પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ, નિવાસી અધિક કલેક્ટર શૈલેષ ગોકલાણી, મદદનીશ કલેક્ટર તથા પ્રાંત અધિકારી મુસ્કાન ડાગર, મદદનીશ પોલીસ અધિક્ષક હર્ષ શર્મા, નગરપાલિકા પ્રમુખમતિ મંજુલાબેન કોલી સહિત અધિકારી-કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં દોડવીરો ઉપસ્થિત રહ્યા હતા.

**બૂલેટ ચાલકે અન્ય મોટર સાયકલ ચાલકને અડફેટમાં લીધો**

## ડભાસા પાસે અકસ્માતમાં એકનું મોત, અન્ય એક યુવાન ગંભીર

(પ્રતિનિધિ) પાદરા તા.8

પાદરા ના ડભાસા ગામ પાસે જંબુસર-પાદરા રોડ પર ગંભીર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. પુરઝડપે અને ગફલતભરી રીતે દોડતી બુલેટ મોટરસાયકલે અકસ્માત સર્જતાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે એક યુવાનને ગંભીર ઈજા પહોંચી છે. આ બનાવ ગતરોજ સાંજે એપોથિકોન કંપની નજીક આવેલા કટ પર બન્યો હતો. અકસ્માત અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ફરિયાદી પિયુષકુમાર વસંતભાઈ પરમાર (ઉંમર 18, રહે. સાંઢા સીમ વિસ્તાર, પાદરા) પોતાના ફુવા વજેસંગભાઈ ઉર્ફે રાજેશભાઈ શંકરભાઈ પઢીયાર (ઉંમર 47, રહે. નરસિંહપુરા) સાથે મોટરસાયકલ પર સિંધરોટ ગામ તરફ જાનમાં જઈ રહ્યા હતા. ડભાસા પાસે રોડ ક્રોસ કરવા માટે સાઈડ લાઈટ બતાવી રહ્યા હતા ત્યારે સામેથી કાળા રંગની બુલેટ નો ચાલક પુરઝડપે આવી તેમની મોટરસાયકલને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. અકસ્માતમાં વજેસંગભાઈને માથા સહિત શરીરના ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું, જ્યારે ફરિયાદી પિયુષકુમારને ડાબા પગે ગંભીર ઈજા પહોંચી છે. અકસ્માતમાં બુલેટ ચાલકને પણ ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. આબનાવઅંગેપાદરાપોલીસસ્ટેશનમાંઅકસ્માતહેઠળગુનો નોંધવામાં આવ્યો છે. બુલેટ ચાલકનું નામ હજી બહાર આવ્યું નથીઅનેતેનીધરપકડકરવામાંઆવીનથી,તેનીતપાસચાલુછે.

**ગોધરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 પર મોટી દુર્ઘટના ટળી**

## ચાલુ ટ્રેનમાં ચઢવા જતાં મહિલા ફસડાઈ રેલવે પોલીસની સતર્કતાથી જીવ બચ્યો

(પ્રતિનિધિ) ગોધરા તા.8

ગોધરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 પર પોલીસ જવાનની સતર્કતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી અને એક મહિલાનો જીવ બચી ગયો હતો. ગોધરા રેલવે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ સુજેલભાઈ રાવજીભાઈએ સમયસૂચકતા દાખવી મોતના મુખમાં જતી મહિલાને ખેંચીને બહાર કાઢી હતી. આ ઘટના ત્યારે બની જ્યારે પ્લેટફોર્મ પરથી પસાર થઈ રહેલી દેહરાદુન એક્સપ્રેસ ટ્રેનમાં એક મહિલાએ ચાલુ ટ્રેને ચડવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન મહિલા અચાનક દરવાજેથી લપસી ગઈ હતી અને પ્લેટફોર્મ તથા ટ્રેન વચ્ચેના જોખમી ગાળામાં ખાબકવાની જ હતી પરંતુ ત્યાં હાજર કોન્સ્ટેબલ સુજેલભાઈએ દોડીને મહિલાને પકડી લીધી હતી. આ સમગ્ર ઘટના સ્ટેશન પર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે જેમાં સ્પષ્ટ દેખાય છે કે જો પોલીસ જવાન એક સેકન્ડનો પણ વિલંબ કરત તો મહિલા ટ્રેન નીચે કચડાઈ ગઈ હોત. પોલીસ જવાનની આ તાત્કાલિક કાર્યવાહી અને બહાદુરીને જોઈને સ્ટેશન પર હાજર અન્ય મુસાફરો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

**રૂ. 2 લાખના ચેક રિટર્ન કેસમાં આરોપી નિર્દોષ જાહેર**

## જામીનગીરી પેટેના ચેકનો દુરુપયોગ કરનાર ફરિયાદી વકીલને ઝટકો

(પ્રતિનિધિ) ગોધરા તા.8

ગોધરાના તુલસી સોસાયટી, આઈટીઆઈ પાસે રહેતા એડવોકેટ મહેન્દ્ર પરમાભાઈ ધાનેકર દ્વારા લુણાવાડાના મધવાસ દરવાજા વિસ્તારમાં રહેતા જમીન-મકાનની લે-વેચ દલાલી કરતા આસીફ શબ્બીર સુરતી સામે ચેક રિટર્ન બાબતે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદીનો દાવો હતો કે કોવિડ સમયગાળામાં આરોપીને આર્થિક મદદરૂપ થવા રૂ. 2 લાખ રોકડ તૂટક-તૂટક આપી, જેના બદલામાં આરોપીએ તા. 30-09-2023નો SBI લુણાવાડાનો ચેક આપ્યો હતો, જે અપૂરતા ભંડોળના કારણે રિટર્ન થયો હતો.

કેસમાં આરોપી તરફે એડવોકેટ જે.બી. જોશી હાજર રહ્યા અને મહત્વપૂર્ણ દલીલો રજૂ કરી. આરોપીનો મુખ્ય બચાવ હતો કે તકરારી ચેક કોઈ કાયદેસર દેવા પેટે નહીં પરંતુ પિયુષભાઈના વ્યવહાર માટે જામીનગીરી તરીકે આપવામાં આવ્યો હતો, જે વ્યવહાર પૂર્ણ થઈ ચૂક્યો છે. આ બાબતે એક લખિત કરાર પણ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં આરોપી જામીનદાર તરીકે સહીદાર હોવાનું સ્પષ્ટ હતું.ફરિયાદી પોતાની ઊલટ તપાસમાં સ્વીકાર્યું હતું કે ચેકનો વ્યવહાર ઈન્કમટેક્સ રિટર્નમાં દર્શાવવામાં આવ્યો નથી તેમજ આરોપીને બે લાખ રૂપિયા કયા સમયગાળામાં આપ્યા તેની ચોક્કસ વિગતો રજૂ કરી શક્યા નથી.તમામ દલીલો અને દસ્તાવેજો પર વિચાર કર્યા બાદ ગોધરાના ત્રીજા એડિશનલ ચીફ જુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) નિસર્ગ એસ. પટેલે નોંધ્યું કે ફરિયાદ પક્ષ આરોપીએ ચેક કાયદેસર દેવા કે જવાબદારી પેટે આપ્યો હોવાનું પુરવાર કરી શક્યો નથી. પરિણામે આરોપી આસીફ શબ્બીર સુરતીને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો આદેશ આપવામાં આવ્યો છે.

**ગરબાડાની બેઠકમાં સમાજને પ્રગતિના પંથે લઈ જવા નિર્ણય**

## ભીલ સમાજ પંચનું લગન ખર્ચ ઘટાડવા નવું બંધારણ જાહેર

(પ્રતિનિધિ) ગરબાડા તા.8

ગરબાડા ખાતે 8 ફેબ્રુઆરી, 2026ના રોજ ભીલ સમાજ પંચ ગરબાડા તાલુકાની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન,પૂર્વ ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા,ભીલ સમાજ પંચ પ્રમુખ શૈલેષ મખોડીયા સમાજના આગેવાનો, સરપંચો, તાલુકા સભ્યો તેમજ જિલ્લા સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન ભીલ સમાજમાં પ્રવર્તતી લગ્ન પ્રથામાં થતા ખોટા ખર્ચાઓ ઘટાડવા અને સમાજને પ્રગતિના માર્ગે આગળ લાવવા માટે દાહોદ જિલ્લા ભીલ સમાજ પંચ દ્વારા નક્કી કરવામાં આવેલ લગ્ન બંધારણનું વિમોચન કરવામાં આવ્યું હતું. આગેવાનોએ જણાવ્યું હતું કે, સમાજની



પછાતપણાનું એક મુખ્ય કારણ લગ્ન પ્રસંગોમાં થતા અતિરિક્ત ખર્ચાઓ છે. ચર્ચામાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો કે વધતા ખર્ચાઓના કારણે સમાજનો મોટો વર્ગ શિક્ષણથી વંચિત રહી દેવાના બોજા હેઠળ દબાઈ રહ્યો છે. હાલ સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા હોવાથી લગ્ન પ્રસંગોમાં લેવાતી સોના-ચાંદીની વસ્તુઓ મર્યાદિત રાખવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. નવા લગ્ન બંધારણનું સંપૂર્ણ અમલીકરણ થાય તે માટે ફરીથી 14 ફેબ્રુઆરી, 2026ના રોજ મામલતદાર કચેરી ગરબાડા સામેની વાડીમાં તાલુકાના તમામ ગામોના ફળિયાના આગેવાનો, સરપંચો, તાલુકા અને જિલ્લા સભ્યો તેમજ તમામ સમાજ હિતેચ્છુઓને હાજર રહેવા અપીલ કરવામાં આવી છે.

**મેનેજરે જરૂરી દસ્તાવેજોની યોગ્ય ચકાસણી અને તપાસ કર્યા વગર લોન મંજૂર કરી હતી**

## પાદરા SBIમાં લોન કૌભાંડનો ગુનો નોંધાયો, બે આરોપીઓ સામે ફરિયાદ

(પ્રતિનિધિ) કાલોલ તા.8

પાદરા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં વર્ષ ૨૦૨૨ દરમિયાન ફરજ બજાવતા તત્કાલીન મેનેજર વિરુદ્ધ વધુ એક ફરિયાદ નોંધાતા મામલો ગરમાયો છે. ડોક્યુમેન્ટસની યોગ્ય ખરાઈ કર્યા વગર લોન મંજૂર કરવાના આક્ષેપ સાથે આજરોજ આઠમી ફરિયાદ નોંધાઈ હોવાનું સામે આવ્યું છે. પાદરા પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગંભીર ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ એસ.બી.આઈ. બેન્કની ચોકસી બજાર શાખા, પાદરા ખાતે ખોટા અને બનાવટી દસ્તાવેજોના આધારે લોન મેળવી બેન્કને આર્થિક નુકસાન પહોંચાડ્યાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ફરિયાદી દિલીપકુમાર બાબરભાઈ બામનિયા (ઉંમર 48), જે બેન્કમાં બ્રાંચ મેનેજર તરીકે નોકરી કરે છે, તેમની ફરિયાદના આધારે પાદરા પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપીંડી ની ફરિયાદ નોંધાવી છે, જ્યારે ઘટના 13 જુલાઈ 2022 પહેલાં કોઈપણ સમયે બની હોવાનું નોંધાયું છે. પોલીસે આ કેસમાં બે આરોપીઓને નામજોગ કર્યા છે. પ્રથમ આરોપી મેસર્સ પ્રિતી ફર્નિચરના પ્રોપ્રાઈટર દેવીલાલ તુલસીરામજી સુથાર (રહે. છાણી જકાતનાકા, વડોદરા) છે. બીજા આરોપી તરીકે તત્કાલીન બેન્ક મેનેજર સુનિલકુમાર જે. સિન્હા (રહે. સિલીગુરી, પશ્ચિમ બંગાળ)નું નામ સામે આવ્યું છે. પોલીસ તપાસ અનુસાર, આરોપી દેવીલાલ તુલસીરામ સુથાર રહે.છાની જકાતનાકા, વડોદરાએ ખોટા દસ્તાવેજોના આધારે એસ.બી.આઈ. પાદરા શાખામાંથી કુલ 7.50 લાખની લોન મેળવી હતી. લોન સામે મોરગેજમાં મુકાયેલ સ્ટોકનો પણ ગેરવપરાશ કરવામાં આવ્યો હતો. આરોપ છે કે તે સમયેના બેન્ક મેનેજર સુનિલકુમાર સિન્હાએ જરૂરી દસ્તાવેજોની યોગ્ય ચકાસણી અને તપાસ કર્યા વગર લોન મંજૂર કરી હતી તેમજ પોસ્ટ ઈન્સ્પેક્શન પણ કરાવ્યું નહોતું. બંને આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરું ઘડી જાહેર ક્ષેત્રની બેન્કને આર્થિક નુકસાન પહોંચાડ્યું હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. હાલ પોલીસ દ્વારા આરોપીઓની અટકાયત અંગે કાર્યવાહી ચાલુ છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ મામલે કોર્ટમાં કી-ઈન્ક્વાયરી પણ ચાલુ હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

**ચાંચપુર જવાના રસ્તે પેવર બ્લોકની ફેક્ટરી પાસે ઘટના બની**

## બાઈક ઊભી રાખવાના મુદ્દે મારામારી, સામસામે ફરિયાદ

(પ્રતિનિધિ) કાલોલ તા.8

ગોધરા તાલુકાના ચાંચપુર ઉમરા ફળિયું ખાતે રહેતા અને આર્મી માં પંજાબ ૧૧૮ ફિલ્ડ રેજીમેન્ટ મા ફરજ બજાવતા મનોજકુમાર દશરથભાઈ સોલંકીએ નોંધાવેલી ફરિયાદ મુજબ ફરિયાદી નાં મિત્ર રાજેન્દ્રસિંહની મોટર સાઈકલ ની ચાવી રાજુભાઈ વજેસિંહ કાઢી લેતા મનોજકુમાર દશરથભાઈ સોલંકી ને ફોન કરેલ કે હું ફાઈન્સના પૈસા ભરવા ગયેલ અને એ મો.સા ની ચાવી કાઢી લીધેલ હોય તેવી હકીકત જણાવી હતી જેથી ફરીયાદીએ મો.સા ની ચાવી માંગતા બોલાચાલી ઝગડો થયેલ હોય અને જીગ્નેશ ઉર્ફે ટેટો નાએ ફેક્ટરીનો દરવાજો બંધ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી રાજુભાઈ એ એ ફોન કરી ને બીજા માણસોને બોલાવતા હોય જેથી ફરીયાદી ડરનાં લીધે ફેક્ટરીની પાછળની ફેન્સીંગ તારની વાડ કુદી ફેકટરીના થોડે દુર રસ્તા પર જઈ ૧૧૨ હેલ્પલાઈનને ફોન કરેલ અને થોડીવાર પછી નયનભાઈ રાજુભાઈ તથા જીગ્નેશ ઉર્ફે ટેટો નાં ઓ પાનમ કેનાલ નજીક રોડ પર દોડી આવેલ અને જીગ્નેશે ફરીયાદી ને પકડી લીધેલ અને જીગ્નેશે ફરીયાદીના માથાના ભાગે મારતા ફરિયાદીએ સ્વ-બચાવ કરતા ડાબા હાથના બાવડાના ભાગે તથા માથાના ભાગે વાગી ગયું બાદમાં ફરીયાદીને વાતો-વાતો જાણ થયેલ કે તેમના કુટુંબનો રોહિતકુમારનાઓ ખેતરમાં કામ કરતા હોય તેને પણ પકડી પાડી શરીરે ગડદા-પાટુંનો માર મારેલ તેમજ નયનભાઈ એ પગ પર લાકડી ઓ મારેલ જેથી તેઓને શરીરે ઈજાઓ એકબીજાની મદદગારી જાહેરનામાંનો ભંગ કરતા વેજલપુર પોલીસે ગુનો નોંધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી અને બીજી તરફ રાજેશકુમાર વજેસિંહ ચૌહાણે પણ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી પાંચ ઈસમો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.